---

**ગીરગઢડા મહેરબાન પ્રિન્સીપાલ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોટમાં, મુ.ગીરગઢડા**

---

ફોજદારી કેસ નં.૧૩૬–૨૦૨૬

ગુજરાત સરકાર વતી,
કુ.પી.યુ.વાઢેર,
જંતુનાશક દવાના ઇન્સ્પેકટર– વ – ખેતીવાડી અધિકારી, ગીરગઢડા
C/O નાયબ ખેતી નિયમક (વિ.) ગીરસોમનાથ ...........ફરીયાદી

–– વિરુધ્ધ––

(૧) મે.શ્રી સહજાનંદ એગ્રો સેન્ટર, મુ.ગીરગઢડા (વિક્રેતા પેઢી)
(૨) ધીનૈયા સાગર અરવિંદભાઇ, મુ.ગીરગઢડા, (વિક્રેતા પેઢીના જવાબદાર વ્યકિત)
(૩) મે.વી સ્પાક પેસ્ટીસાઇડ ઇન્ડીયા લી.
એ/૨, એચ.કે. ઇન્ડસ્ટ્રીયલ ઇસ્ટેટ, મુ–કુચીયાદળ, જિ.રાજકોટ (ઉત્પાદક કંપની)
(૪) અશ્વીનભાઇ શંભુભાઇ ડોબરીયા, મુ.રાજકોટ, (ઉત્પાદક કંપની ના જવાદબર વ્યકિત)
.............તહોમતદારો

---

ગુન્હોઃ– **જતુનાશક દવા અધીનીયમ ૧૯૬૮ની કલમ–૩(ક)(૧), ૧૭(૧)(એ), ૧૮(૧)(ક) મુજબ**......

---

**––//ઠરાવ//––**

(૧) ફરીયાદની ટુંકમાં હકીકત એવી છે કે , ફરીયાદમાં જણાવેલ આરોપીઓએ બિન પ્રમાણીત જંતુ નાશક દવાનું ઉત્પાદન, આયાત તેમજ તેનું વેચાણ કરી અને વેચવા માટે સંગ્રહ કરી તેમજ વેચાણ માટે પ્રદર્શીત કરી જતુનાશક દવા અધીનીયમ ૧૯૬૮ની કલમ–૩(ક)(૧), ૧૭(૧)(એ), ૧૮(૧)(ક) હેઠળ શીક્ષાને પાત્ર ગુનો કરે લ છે .

(૨) જે ફરીયાદને ક્રીમીનલ કેસ રજીસ્ટરે નોંધી આ કામના તમામ આરોપીઓને સમન્સ ઇશ્યુ કરતા તેમની આંક–૬ થી ૦૯ સુધી પ્લી નોંધતા તેઓ ગુન્હો કબુલ મંજુર છે તેમ જણાવે છે. વધુમાં આંક–૧૦ થી સંયુક્ત કબુલાત પુરસીસ અદાલતમાં રજુ કરેલ છે . વધુમા તેઓનો આ પ્રથમ ગુન્હો છે તે મુજબની રજુઆત કરી તેઓ સમાજની પ્રતીષ્ઠીત વ્યકિતઓ છે , ઇરાદાપુર્વક ગુનો કરેલ નથી, ભવીષ્યમાં આ પ્રકારનો કોઇ ગુન્હો નહી કરે તેવી મૌખીક રજુઆત– બાહેધરી આપી ઓછામાં ઓછી સજા કરવા રજુ આત કરેલ છે.

આરોપીઓ વીરુધ્ધ આરોપીચેલ કલમની કાનુની જોગવાઇ ધ્યાને લઇ સદર અધીનીયમની સજાની જોગવાઇ ધ્યાને લેતા,

**SECTION** 29 : **Offences and punishment**

(1) Whoever,–

(a) imports, manufactures, sells, stocks or exhibits for sale or distributes any insecticide deemed to be misbranded under sub–clause (i) or sub–clause (iii) or sub– clause (viii) of Cl. (k) of Sec. 3 ; or

(b) imports or manufactures any insecticides without a certificate of registration; or

(c) manufactures, sells, stocks or exhibits for sale or distributes an insecticide without alicence; or

(d) sells or distributes an insecticide, in contravention of Sec. 27 ; or

(e) cause an insecticide, the use of which has been prohibited under Sec. 27, to be used by any worker; or

(f) obstructs an Insecticide Inspector in the exercise of his power of discharge of his duties

under this Act or the rules made thereunder, 24 [shall be punishable (i) for the first offence, with imprisonment for a term which may extend to two years, or with fine which shall not be less than ten thousand rupees but which may extend to fifty thousand rupees, or with both;

(ii) for the second and a subsequent offence, with imprisonment for a term which may extend to three years, or with fine which shall not be less than fifteen thousand rupees but which may extend to seventy– five thousand rupees, or with both].

(2) Whoever uses an insecticide in contravention of any provision of this Act or any rule made thereunder shall be punishable with fine 25 [which shall not be less than five hundred rupees but which may extend to five thousand rupees, or imprisonment for a term which may extend to six months, or with both].

(3) Whoever contravenes any of the other provisions of this Act or any rule made thereunder or any condition of certificate of registration or licence granted thereunder, shall be punishable–

(i) for the first offence, with imprisonment for a term which may extend to 26 [one year, or with fine which shall not be less than five thousand rupees but which may extend to twenty– five thousand rupees, or with both].

(ii) for the second and a subsequent offence, with imprisonment for a term which may extend to 27 [two years, or with fine which shall not be less than ten thousand rupees but which may extend to fifty thousand rupees, or with both].

(4) If any person convicted of an offence under this Act commits a like offence afterwards it shall be lawful for the Court before which the second or subsequent conviction takes place to cause the offender's name and

place of residence, the offence and the penalty imposed to be published in such newspapers or in such other manner as the Court may direct.

(૩) ઉપરોક્ત આરોપીઓ તથા આરોપીઓના વિ..વ.શ્રી આર.આર.સોલંકી ની રજુઆત ધ્યાને લેતાં તેમજ ઉપરોક્ત દશાવેલ કલમની સજાની જોગવાઈ ધ્યાને લેતાં આરોપીઓનો આ પ્રથમ ગુન્હો છે. આરોપીઓના વિ.વ.શ્રી.ની રજુઆત છે કે , આરોપીઓ સમાજના પ્રતીષ્ઠીત વ્યનિક્તઓ તથા કુટુંબકબીલાવાળા વ્યકિતઓ છે તથા સ્વેચ્છાએ ગુન્હો કબુલ કરતા હોવાની જે રજુઆતો ધ્યાને લેતાં આરોપીઓને ફરીયાદમાં જણાવ્યા મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે. પરંતુ આરોપીઓએ જે જોગવાઇનો ભંગ કરેલ છે તે જોગવાઇ, ગુનાનો પ્રકાર વિગેરે હકીકતો ધ્યાને લેતાં સદર કામના આરોપીઓને વ્યજબી દંડ કરી સજા કરવામા આવે અને તે રીતે ભવિષ્યમાં ગુન્હો ન થાય તે માટે તક આપવામાં આવે તો તે યોગ્ય અને ન્યાયોચિત જણાય છે . જેથી ન્યાયના હિતમાં નિચે મુજબનો હુકમ કરવામાં આવે છે .

**--//હુકમ//--**

આથી તમામ આરોપીઓની કબુલાત પુરસીસ ધ્યાને લઈ આ કામના તહોમતદારો (૧) મે.શ્રી સહજાનંદ એગ્રો સેન્ટર, મુ.ગીરગઢડા (વિક્રેતા પેઢી), (૨) ધીનૈયા સાગર અરવિંદભાઈ, મુ.ગીરગઢડા, (વિક્રેતા પેઢીના જવાબદાર વ્યકિત), (૩) મે.વી સ્પાક પેસ્ટીસાઇડ ઇન્ડીયા લી. એ/૨, એચ.કે. ઈન્ડસ્ટ્રીયલ ઈસ્ટેટ, મુ–કુચીયાદળ, જિ.રાજકોટ (ઉત્પાદક કંપની), (૪) અશ્વીનભાઈ શંભુભાઈ ડોબરીયા, મુ.રાજકોટ, (ઉત્પાદક કંપની ના જવાદબર વ્યકિત) પ્રત્યેકને જતુનાશક દવા અધીનીયમ ૧૯૬૮ની કલમ–૩(ક)(૧), ૧૭(૧)(એ), ૧૮(૧)(ક) મુજબની જોગવાઇ અનુસંધાને રૂ.૧૦,૦૦૦/–( અંકે રૂપીયા દસ હજાર પુરા) લેખે તમામ આરોપીને કુલ રૂ.૪૦,૦૦૦/–( અંકે રૂપીયા ચાલીસ હજાર પુરા) દંડની સજા કરવામાં આવે છે . વધુમા જો આરોપીઓ દંડની રકમ ન ભરે તો તેમને ૨–માસની સાદિ કેદની સજા ફરમાવવામા આવે છે .

હુકમ આજરોજ ૧૪ મી, માર્ચ, સને ૨૦૨૬ ના રોજ (સ્પેશીયલ સીટીગ્ઝમાં) ખુલ્લી અદાલતમાં વાચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : ગીરગઢડા
તારીખ: ૧૪–૦૩–૨૦૨૬.

**(એચ.એમ.વૈષ્ણવ)**
જયુડી.મેજી.ફ.ક.ગીરગઢડા
જજ કોડ – જીજે–૦૧૫૩૦